## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ડૉ. પ્રવીણચંદ્ર ચુનીલાલ દોશી (૧૯૪૦) ફોન: ૨૩૨ ૨૧૨૨૦



કનુલાલ શિવલાલ શાહ (૧૯૪૬) મો.૯૯૨૫૦૧૨૪૮૬

# કલોલમાં અકસ્માતના બે બનાવોમાં ત્રણ ઘાયલ

## બસની પાછળ બાઈક ઘુસી જતાં ચાલક ગંભીર : ગાડીને ટક્કર મારી ટ્રકચાલક ફરાર

કલોલ, તા. ૨

કલોલ તાલુકાના છત્રાલ અને શેરીસા એમ બે વિસ્તારમાં અકસ્માતોના બનાવ બનવા પામ્યા હતા. છત્રાલ પાસે બાઈક ચાલકે એસટી બસની પાછળ પોતાનું બાઈક અથડાવી દેતાં બેને ઈજાઓ થવા પામી હતી. જ્યારે શેરીસા રોડ પર ટ્રક ચાલકે ટાટા મેજિક ગાડીને અડફેટે લઈ લેતાં એક ઘવાયો હતો. બંને અકસ્માતોમાં ત્રણ જણાને ગંભીર ઈજાઓ થવા પામી છે. જોકે, સદ્‌નસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર બનેલ એક કિસ્સામાં ગઈકાલે બપોરના સુમારે છત્રાલ નજીક દિનેશભાઈ શંભુભાઈ તોવીયાડ અને તેનો મિત્ર સુરેશજી દિનાજી મોટર સાયકલ જીજે-૨૪-જે-૫૯૪૦ની સાથે પસાર થતા હતા ત્યારે સુરેશજીએ બાઈકને પૂરઝડપે ચલાવી રાજસ્થાન એસટી બસના પાછળના ભાગે અથડાવી દીધી હતી જેના લીધે દિનેશભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમણે સુરેશજી વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં હેડ કોન્સ્ટેબલ રાધેશ્યામભાઈ ગોવિંદરામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા કિસ્સામાં શેરીસા નજીક કલોલ તાલુકાના બારોટ વાસમાં રહેતા સંતોષ ઉતંગ યાદવ પોતાની ટાટા મેજિક ગાડી નં. જીજે-૨૮-એવાય-૫૬૩૬ લઈને ગઈકાલે રાત્રે પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણી ટ્રકે પૂરઝડપે આવીને ટક્કર મારતાં સંતોષ ઉતંગ યાદવની સાથે સાથે રાજેશભાઈ મિશ્રાને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જે અંતર્ગત સંતોષ ઉતંગ યાદવે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ રેવાભાઈએ ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી છે.



અમદાવાદ ખાતે સાબરમતી રિવરફ્રંટમાં સહેલાણીઓ ધીમે ધીમે પહોંચવા લાગી ગયા છે.

# જૂની અદાવત રાખી ખાત્રજના યુવાન પર જીવલેણ હુમલો

કલોલ, તા. ૨

કલોલના ખાત્રજ ગામે જૂના ઝઘડાની આડમાં ગઈકાલે રાત્રે યુવાન પર કેટલાક શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરી ખુલ્લેઆમ મારી નાખવાની ધમકી અપાઈ જેમાં કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી ગુનો દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર ખાત્રજ ગામના રહેવાસી વિરમભાઈ રઘનાથભાઈ રબારી અને લાલજી ડાહ્યાજી ઠાકોર વચ્ચે કોઈ વાત અંગે પહેલાં બોલાચાલી થઈ હતી તેની અદાવત રાખી ગઈકાલે રાત્રે ફરી ખાત્રજ ગામમાં વિરમભાઈને લાલજી ડાહ્યાજી ઠાકોરે બિભત્સ ગાળો આપી હતી. લાલજી ઠાકોરે પોતાના સાથે વરસંગજી લાલાજી ઠાકોર અને સદાજી શનાજી ઠાકોરને રાખી વિરમભાઈ પર પાઈપ તેમજ લાકડીથી હુમલો કર્યો હતો ને તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. લાલાજી ઠાકોરની દાઝ હજુ પણ શાંત ન થતાં તેમણે વિરમભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપીને શારીરિક તેમજ માનસિક ઈજાઓ આપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

ગંભીર ઈજાઓ પામેલા વિરમભાઈ રઘનાથભાઈ રબારીએ સારવાર લીધા બાદ આજે આ ત્રણેય શખ્સો વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર બાબુરાવે ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરી છે.

# અછત કામોની દરખાસ્ત સમિતિને રજૂ કરતા પહેલા નાણા વિભાગને રજૂ કરવા સૂચન

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવનાર અછત કામોની દરખાસ્ત મંત્રીઓની પેટા સમિતિ સમક્ષ રજૂ કરતા પહેલાં નાણા વિભાગ સમક્ષ રજૂ કરી પરામર્શ કરવા વિભાગોના વડાઓને સૂચના આપવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં આ વર્ષે અપૂરતો વરસાદ થતાં રાજ્યના ૧૫૦ જેટલા તાલુકાઓમાં અછતની પરિસ્થિતિ ઊભી થવા પામી હતી. આ અછતની પરિસ્થિતને પહોંચી વળવા મંત્રી મંડળની પેટા સમિતિની રચના કરવામાં આવી હતી.

આ મંત્રી મંડળની પેટા સમિતિની બેઠક દર અઠવાડિયે એકવાર સામાન્યતઃ મંગળવારે મળે છે. વિભાગોના સચિવો દ્વારા તેઓની દરખાસ્તો પેટા સમિતિને સીધેસીધી રજૂ કરવામાં આવે છે. જે વહીવટી પ્રક્રિયાની દૃષ્ટિએ યોગ્ય નહીં હોવાનું મંતવ્ય નાણા વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

નાણા વિભાગના આ મંતવ્યને રાજ્યના મુખ્ય સચિવે ગંભીરતાથી લઈને તમામ વિભાગોના સચિવોને એવી સૂચના આપવામાં આવી છે કે અછત સંબંધિત દરખાસ્તોની ફાઈલો નાણા વિભાગને મોકલવામાં આવે ત્યારે રૂટીન ફાઈલોની જેમ ન મોકલતાં નાણા વિભાગમાં આવી ફાઈલો અલગ રીતે તરી આવે અને તે પર અગ્રતાના ધોરણે કાર્યવાહી હાથ ધરાય તે રીતે મોકલવામાં આવે એટલું જ નહીં નાણા વિભાગને દરખાસ્ત મોકલ્યા બાદ સંબંધિત સચિવે નાણા વિભાગના સંબંધિત અધિકારીને ટેલિફોન પર આ અંગે સંપર્ક કરી સમયસર મંજૂરી મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના આપી છે.

# હિંમતનગરમાંથી પાંચ જુગારીઓ પકડાયા : એક ફરાર

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના વૈશાલી ટોકીઝના ગ્રાઉન્ડમાં રવિવારના રોજ બપોરેના સમયે જુગાર રમતા પાંચ જણાને હિંમતનગર ટાઉન પોલીસે પકડી પાડયા હતા જયારે એક જુગારી નાસી ગયો હતો.

વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસ મથકના પી.આઈ. જેમ.આમ. આલને મળેલી બાતમીના આધારે ડી સ્ટાફના વિનોદ રાઠોડ, આશીર્વાદ ખોખરીયા, ચંદુભાઈ વણઝારા અને ચંદ્રકાંતભાઈ પરમારે રવિવારના રોજ બપોરના સુમારે વૈશાલી ગ્રાઉન્ડ પર રેડ કરતા જુગાર રમતા છ પૈકી પાંચ પકડાઈ ગયા હતા જયારે એક નાસી ગયો હતો. જુગાર રમતા પકડાયેલા પાંચમાં સાહિદશા ગુલજારશા ફકીર, શાહરૂખમિયા મેહમુદમિયા શેખ કાલુમિયા એહમદમિયા પઠાણ, ઈજ્જતમિયા એહમદમિયા શેખ હડીયોલ પુલ છાપરિયાના ચાર રહેવાસી હતા અને એક ચાંદનગરનો નજીરમિયા હાજીમિયા શેખ મળી પાંચ જણા અને ફિરોજભાઈ નાસી ગયેલ હતો.

આ પાંચે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૬૬૦ અને ત્રણ મોબાઈલ રૂ. ૩૫૦૦ના મળી આવ્યા હતા જે પોલીસે કબજે લઈ છ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઓરાણ ગામની યુવતીના ચૂંટણી કાર્ડમાં પિતાના નામને બદલે ભાઈનું નામ ચઢાવાયું

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામે લઘુમતિ સમાજની એક યુવતીના ચૂંટણી કાર્ડમાં ચૂંટણી અધિકારીઓની બેદરકારીથી યુવતીના પિતાના નામે ભાઈનું નામ દર્શાવતા યુવતીને અવાર નવાર સરકારી કામકાજમાં ભારે માથાકૂટનો સામનો કરવો પડે છે. જેથી યુવતીએ આ મામલે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજના ઓરાણ ગામની ઘટના એવી છે કે ગામની જ રેશ્માબેન નામની યુવતીને થોડા સમય પહેલાં ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્ડ ઈસ્યૂ કરવામાં આવ્યું હતું. રેશ્માબહેન નામની યુવતીના પિતાનું નામ નજીરમીયા મકરમીયા સૈયદ છે જયારે રેશ્માબહેનને ઈશ્યુ થયેલા ચૂંટણી ઓળખપત્રમાં તેમના પિતાના નામને બદલે તેમના મોટાભાઈ મોહીનોદ્દીન સૈયદ દર્શાવવામાં આવ્યું છે. આથી આ યુવતીને અવાર નવાર જયાં જયાં પૂરાવા રજૂ કરવામાં આવે છે ત્યાં ભારે




મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરિણામે યુવતીએ ચૂંટણી કાર્ડની કામગીરી કરનાર તંત્ર અને એજન્સીઓ વિરૂધ્ધ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.

# વડવાસા ગામે હેવી લાઈન પર વીજળી પડતા થોડા સમય માટે પંથકમાં અંધાર પટ છવાયો

પ્રાંતિજ, તા.૨

પ્રાંતિજ તાલુકાના વડવાસા પાટીયા પાસે આવેલા ૬૬ કે.વી. વીજ પોલ પર અચાનક જ વીજળી ત્રાટકતા વાયરો અને અન્ય સામગ્રીને ભારે નુકશાન થયું હતું. જેથી સમગ્ર પંથકમાં અંધાર પટ છવાયો હતો અને ગરમી તથા બફારાથી આખી રાત ગ્રામજનો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં ગત મોડી સાંજે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને મેઘગર્જના સાથે વીજળીના કડાકાને ભડાકા થવા લાગ્યા હતા. આ દરમિયાન તાલુકાના વડવાસા પાટીયા પાસેના ૬૬ કે.વી.ના વીજળીના થાંભલા પર વીજળી ત્રાટકી હતી. જેથી તમામ વાયરો અને થાંભલો તૂટી પડયો હતો. અને ક્ષણવારમાં જ સમગ્ર પંથકમાં અંધાર પટ થઈ ગયું હતું. આ ઘટના સર્જાતા જોરદાર ધડાકો થયો હતો અને ગામના પાટીયા પાસે બેઠેલા કેટલાક લોકોમાં નાશભાગ મચી જવા પામી હતી. સદનશીબે કોઈ જાનહાની થઈ ન હતી. આખી રાત વિજળી ગૂલ થવાથી ગ્રામજનો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા હતા અને સવારે વીજ પુરવઠો શરૂ થતા ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો.

## શબ્દાવલી - ૪૮૩૨



**આડી ચાવી**

૧. ઈશ્વર, અલ્લાહ (૪)
૫. કિષ્કિંધા નગરીના કપિરાજા વાલીના નાનાભાઈ (૩)
૭. સોહામણું, સુંદર (૫)
૧૦. વસ્ત્રો, ડ્રેસ મટીરીયલ્સ (૩)
૧૨. રોગનો ફેલાવો, ઉપદ્રવ (૪)
૧૪. વેશ ભજવનાર, કલાકાર (૨)
૧૫. મોકો, લાગ (૨)
૧૭. રીવાજ, પધ્ધતિ (૨)
૨૦. તેરી... મેં હમે રખના... (૩)
૨૨. ઊંધ-ચત્તુ થવું, ઉપર તળે (૬)

**ઊભી ચાવી**

૧. ગુજરાન, આજીવિકા (૬)
૨. સફેદ કપડાને ધોઈને વધારે ઉજળો દેખાડવા... ના વાદળી પાણીમાં ઝબોળાય (૨)
૩. વા... ને વાદળ ઉમટ્યા...(૨)
૪. માથુ ટેકવવું કે નમવું તે (૩)
૬. ડૉક (૨)
૮. ખાનગી (૩)
૯. એક વેલ જેનો ઉપયોગ દવામાં થાય છે, અમરવેલ (૨)
૧૧. સોનુ, સુવર્ણ (૩)
૧૩. સેવા-સારવાર (૩)
૧૬. જેના મા-બાપ કે કોઈ વાલી ના હોય તેવું (૩)
૧૮. તૃષા (૩)
૧૯. સંગાથ (૨)
૨૦. 'પાપ' શબ્દ ઊંધો છે (૨)
૨૧. સમાધાન, સમસ્યા કા...(૨)

### શબ્દાવલી ૪૮૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખુનામરકી (૫) બાપા (૭) શાક (૮) બર્તન (૧૧) નકારવું (૧૩) તકરદી (૧૫) મુઢ (૧૬) સાપણ (૧૮) શિયળ (૧૯) તુકારો (૨૦) તાપણી (૨૨) તમસ (૨૩) ગરમાળો

**ઊભી ચાવી :-** (૧) ખુશામત (૨) નાક (૩) રબ (૪) કીર્તન (૬) પારેવું (૯) નકામું (૧૦) પરસાળ (૧૨) રઢ (૧૪) દીપ (૧૭) પારો (૧૮) શિફત (૧૯) તુણીર (૨૧) પગ

# સુરતમાં ફરી કોમી હિંસા : છ દુકાનને આગ, ભારે તંગદીલી

## નાનપુરા વિસ્તારમાં રાત્રે હિંસા : ૧૨ વાહનોને પણ આગ ચાંપી દેવાઇ : સઘન સુરક્ષા છતાં પણ અંજપાભરી શાંતિ

અમદાવાદ, તા. ૨

સુરતનાં નાનપુરા વિસ્તારમાં ગત મોડી રાત્રે કોમી હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૧૨ વાહનો અને છ દુકાનોને સળગાવી હોવાયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેથી હાલમાં અજંપાભરી શાંતી પ્રવર્તી છે. વિગતવાર માહિતી એવી છે કે સુરતનાં મક્કાઈપુલ અને કાદરશાની નાળ વચ્ચે આવતા એક સર્કલ પાસે શનિવારે સાંજે ગણપતિની પ્રતિમા લઈ જવામાં આવી રહી હતી. આ સમયે કાદરશાની નાળ નજીક રહેતા સબ્બીર મિસ્ત્રીનો પુત્ર અન્નુ મિસ્ત્રી પોતાની બાઈક લઈને સર્કલ પરથી પસાર થઈ રહ્યો હતો. ગણેશોત્સવમાં સંગીતના તાલે ઝુમી રહેલી એક યુવતીને અન્નુએ ટક્કર મારી હતી.

યુવતીની મશ્કરી કરાઈ હોવાની આશંકાના પગલે ટોળું એકત્ર થઈ ગયું અને અન્નુની બાઈક સળગાવી દેવાઈ હતી. અન્નુ પોતાના ઘર તરફ ભાગ્યો અને ૧૫થી વધુનાં ટોળાને પોતાની સાથે લઈ આવ્યોહતો. જેમણે ગણેશભક્તોપર હુમલો કરતાં મામલો ભડક્યો હતો. જોતજોતામાં જ હિન્દુ અને મુસ્લિમ વચ્ચે રમખાણ ફાટી નીકળ્યા છે એવી માહિતી પ્રસરતાં હિન્દુઓએ મુસ્લિમો પરહુમલો કર્યો અને મુસ્લિમોએ હિન્દુ પર નિશાન તાક્યા હતા. સામસામે બોટલ અને પથ્થરમારો થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પરંતુ ટોળું એટલું હિંસક બન્યું હતું કે પોલીસ પર હુમલો કરાયો હતો. આ ઘટનામાં ડીસીપી, પીએસઆઈ સહિત ૧૦થી વધુ પોલીસકર્મીઓને ઈજા થયાનાં અહેવાલ છે. રોડની બંને બાજુથી પથ્થરો અને બાટલીઓનો મારો લગભગ દોઢ કલાક સુધી ચાલ્યોહતો. મોડી રાતે પોલીસે સઘન કોમ્બીંગ હાથ ધર્યું હતું. આ મામલે અઠવાલાઈન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દરખાસ્તો મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારી આપી શકશે તેવી મહત્ત્વની જોગવાઈ કરવા પણ સત્તામંડળે સૂચવ્યું હતું.

ગાંધીનગર શહેરનો નવો વિકાસ નકશો તૈયાર કરવાની કામગીરી શરૂ થઈ રહી છે તે પૂર્વે આ મહત્ત્વના સુધારાઓ સત્તામંડળ દ્વારા સૂચવવામાં આવ્યા છે. એમ્નીટીઝ ફીના દરોમાં ૫૦ ટકા જેટલો વધારો કરી સત્તામંડળે તેની સેવાઓની સુધારણા માટેનો સંકેત પણ આપી દીધો છે એટલું જ નહીં આ અંગેના વધારાના ખર્ચને પહોંચી વળવા માટે પણ જોગવાઈનો ખ્યાલ રાખ્યો હોવાનું ગુડાના સૂત્રોએ જણાવ્યું છે.

ગુડા દ્વારા સૂચવવામાં આવેલી સુધારા દરખાસ્ત અંગેનું જાહેરનામું આગામી એકાદ બે દિવસમાં પ્રસિદ્ધ કરાયા બાદ તે અંગે બે માસ સુધી વાંધા-સૂચનો મેળવવામાં આવશે અને પછી તેનું આખરી જાહેરનામું બનશે.

### ખેલૈયાઓ તૈયાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રજ્ઞાબેન કહે છે કે આ વર્ષે તો સાવ નાના બાળકોએ પણ ગરબા શીખવામાં રસ દાખવ્યો છે. ત્રણથી દસ વર્ષના બાળકોની એક આખી બેચ અમારે ત્યાં ચાલે છે. આ બાળકોને ગરબાના બેઝિક સ્ટેમ્પ શીખવવામાં આવે છે. ટ્રેડિશનલ ગરબાના સંગીત પર બાળકો બોર થઈ જતાં હોવાથી તેમને વેસ્ટર્ન મ્યુઝિક પર ગરબા શીખવવામાં આવે છે. આ ઉપરાંત બાળકોને કંપની આપવા ૩૦-૩૫ વર્ષની મમ્મીઓની એક આખી બેચ ગરબા શીખી રહી છે. થાક ન લાગે તેવા સોફટ ટ્રેડિશનલ સ્ટેમ્પસ તેમને શીખવવામાં આવે છે. ટીનેજ અને યંગ છોકરા-છોકરીઓને તો બધા જ પ્રકારના સ્ટેપ્સ શીખવામાં આવે છે. પનઘટ ગ્રુપના સંચાલક ભાવિન પટેલ કહે છે કે અમારી ગરબાની બેચ અરવિંદ કેન્દ્રમાં શરુ થઈ છે. પહેલાં જ દિવસથી ગરબા શીખવાનો ખુબ ક્રેઝ જોવા મળી રહ્યો છે. નવરાત્રી શરુ થવાને હજુ દોઢેક માસની વાર હોઈ અમે અત્યારે બેઝિક સ્ટેપ્સ શીખવી રહ્યા છે તે પછી દોઢિયું, પોપટીયું અને મીશ્ર સ્ટેપ્સ તબક્કાવાર શીખવશું. આ વર્ષે સારી વાત એ જોવા મળી રહી છે કે પેરેન્ટસમાં ગરબાના ડ્રેસ અંગે ખુબ ઉત્સુકતા જોવા મળી રહેલ છે. પોતાના બાળકને કેવા કપડાં શોભી ઉઠશે, ઓર્નામેન્ટસ કયાંથી તૈયાર કરાવવા જેવી બાબતો પર પેરેન્ટસ ખુબ ધ્યાન આપી રહ્યા છે.

ભરતનાટયમ ક્ષેત્રે નામના મેળવનાર ખુશ્બુ દેસાઈના ગરબાના વર્ગોમાં જોડાવવા માટે પણ ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખુશ્બુ દેસાઈ કહે છે કે મારી ભરતનાટયમની બાળાઓ અને તેમની મમ્મીઓ મારા કલાસમાં જોડાઈ છે. નવરાત્રી સુધીમાં તેમને એક, બે, ત્રણ, તાલીથી લઈ હિંચ, ઘોડાકુદ અને વેસ્ટર્ન ગરબા સ્ટેપ્સ શીખવવાની મારી તૈયારી છે.

## કંપની સમાચાર

### ઈન્ડિયા યામાહા મોટરની અમદાવાદમાં ડિલરશીપનો આરંભ

ઈન્ડિયા યામાહા મોટર કંપનીએ ગુજરાતમાં અમદાવાદમાં પરમ ઓટો અને આણંદમાં હર્શિલ મોટર્સ એમ બે સ્થળોએ ડિલરશીપનો આરંભ કર્યો છે. આ શોરૂમોનુ ઉદ્‌ઘાટન કંપનીનાં ડાયરેકટર- સેલ્સ એન્ડ માર્કેટીંગ શ્રી જૂન નાકાટા આને નેશનલ બિઝનેશ હેડ શ્રી રોય કુરિયન દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈન્ડિયા યામાહા મોટર પ્રા.લિ.નાં શ્રી રોય કુરિયને જણાવ્યું હતું કે, 'ગુજરાતનું બજાર અમારા માટે ઘણું જ અગત્યનું છે. રાજયમાં સ્કુટર બજારમાં ૧૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. અમદાવાદ અને આણંદમાં ડિલરશીપની રજૂઆત દ્વારા અમે રાજયમાં અમારી હાજરી દઢ બનાવી રહ્યા છીએ.' આ શોરૂમોની રજૂઆત દ્વારા ઈન્ડિયા યામાહા મોટર ગુજરાતમાં બાઈકીંગ કલ્ચરને પ્રોત્સાહિત કરવા ધારે છે. તાજેતરમાં જ કંપનીનો બોલીવુડની અભિનેત્રી દિપીકા પદુકોણેને સાઈન કરી છે. ઉપરાંત જોહન અબ્રાહમને પણ બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો છે.

### ફર્ટિલાઈઝર એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં ક્ષેત્ર દ્વારા મહાધન એવોર્ડસ ૨૦૧૧-૧૨નાં વિજેતાઓની જાહેરાત

ફર્ટિલાઈઝર એસોસિએશન ઓફ ઈન્ડિયા (એફએઆઈ)નાં ક્ષેત્ર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨નાં વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની લિ.નાં મેનેજિંગ ડાયરેકટર તેમજ એફએઆઈનાં ક્ષેત્રનાં ચેરમેન શ્રી અતાનું ચક્રવર્તી, આઈએએસનાં અધ્યક્ષ સ્થાને પુનામાં યોજાયેલી ખરીફ સમીક્ષા બેઠક ૨૦૧૨માં આ નામો જાહેર કરવામાં આવ્યા હતાં.

દીપક ફર્ટિલાઈઝર એન્ડ પેટ્રોકેમિકલ કોર્પોરેશન લિ.ને એકસલન્સ ઈન ક્રોપ પ્રોડકટવીટી ઈમ્પ્રુવમેન્ટનો મહાધન એવોર્ડ, ક્રિભકો તેમજ રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર લિ.ને એકસલનસ ઈન ફર્ટિલાઈઝર એકસટેન્સન સર્વિસીસનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતાં.

ટ્રોફી અને સર્ટિફિકેટ ઉપરાંત દીપક ફર્ટિલાઈઝરને રૂા. ૫૧,૦૦૦નું રોકડ ઈનામ અને ક્રિભકો તેમજ રાષ્ટ્રીય કેમિકલને પ્રત્યેકને રૂા. ૨૫,૫૦૦નાં રોકડ ઈનામો આપવામાં આવ્યા હતાં. ચેરમેનશ્રી આર જી રાજન તેમજ પૂર્વ ચેરમેનશ્રી એસ.સી. મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતાં. પાંચ રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, છતીસગઢ અને ગોવામાં એફએઆઈ ક્ષેત્ર દ્વારા જિલ્લાવાર વૈજ્ઞાનિક નિદર્શનો કરવામાં આવ્યા હતાં.

### ઈન્ડિયા ઈન્ફોલાઈન ફાઈનાન્સ લિમિટેડ રૂા. ૫,૦૦૦ મિલિયનના અન- સિકયોર્ડ રીડીમેબલ નોન- કન્વર્ટીબલ ડિબેન્ચર (એનસીડીએસ) ઈશ્યી કરવાની પ્રસ્તાવના

ઈન્ડિયા ઈન્ફોલાઈન ફાઈનાન્સ લિમિડેટ (ધ ઈશ્યૂઅર અથવા તો કંપની), એક એનબીએફસી, રૂા. ૧૦૦૦ના એક એવા રૂા. ૨૫૦૦ મિલિયનના (બેઢ ઈશ્યુ પ્રાઈસ) અન-સિકયોર્ડ રીડીમેબલ નોન- કન્વીર્ટીબલ ડિબેન્ચરનું જાહેર ભરણુ કાઢવાની દરખાસ્ત ધરાવે છે. કંપની રૂા. ૨૫૦૦ મિલિયનનો ઓવરસબસ્કીપ્શનનો વિકલ્પ પણ ધરાવે છે. તે આ ભરણા મારફત રૂા. ૫૦૦૦ મિલિયન (ધ ઓવર ઓલ ઈશ્યુ સાઈઝ) એકત્ર કરવા માંગે છે.

પ્રસ્તાવિત એનસીડીને ઈકરા દ્વારા રૂા. ૫૦૦૦ મિલિયન સુધીની રકમ માટે (ઈકરા) એએ- (સ્ટેબલ) અને ક્રિસીલ દ્વારા ક્રિસિલ એએ- (સ્ટેબલ) રેટીંગ આપવામાં આવ્યું છે. ઈકરા દ્વારા એનસીડીને આપવામાં આવેલું રેટીંગ, આર્થિક ઋણ પૂરા કરવાની સાથે સમય પર મૂળ રકમ પાછી મળવાની ઉંચી સલામતી દર્શાવે છે. આ પ્રકારના રોકાણના સાધનો ઘણી નીચી ક્રેડિટ જોખમો ધરાવતા હોય છે. ક્રિસીલ દ્વારા એનસીડીમાં આપવામાં આવેલ રેટીંગ આર્થિક ઋણ પૂરા કરવાની સાથે સમય પર મૂળ રકમ પાછી મળવાની ઉંચી સલામતી દર્શાવે છે.

પ્રસ્તાવિત એનસીડી નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા (એનએસઈ) અને બીએસઈ લિમિટેડ (બીએસઈ) પર લિસ્ટ થશે.